જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર   ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૬/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** સમાચાર યાદી નં.૧૦૯૨/૧૮

**વટવા પોલીસ સ્ટેશન :-**

**દહેગામ પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર. નં ૧૩૭/૧૭ ધી ઈ પી કો કલમ ૪૫૭ , ૩૮૦ , ૧૧૪ વિગેરે મુજબના ગુનાના કામે નાસ્તા ફરતા આરોપીઓને અટકાયત કરતી વટવા પોલીસ**

મે.પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા મ.પો.કમીશ્રી જે ડીવીઝન અમદાવાદ તથા પોલીસ ઈન્સપેક્ટરશ્રી વટવા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલંસ પો.સ.ઇ. એસ.પી.ગોહિલ તથા સર્વેલંસ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ હતા દરમ્યાન ફરતા ફરતા તા.૦૮/૦૬/૦૧૮ ના કલાક ૨૩/૩૦ વાગે વટવા બીબી તળાવ ચાર રસ્તા પાસે જાહેર રોડ પર આવતા સર્વેલંસ સ્કોડના પો.કો. અબ્દુલવાહીદખાન અમીરુલ્લાખાન નાઓની બાતમી આધારે "દહેગામ પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર. નં ૧૩૭/૧૭ ધી ઈ પી કો કલમ ૪૫૭ , ૩૮૦ , ૧૧૪ વિગેરે મુજબના ગુનાના કામે પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસ્તો ફરતો આરોપી નામે આસીફ અબ્દુલ રજાક શેખ ઉ.વ. ૨૩ રહે.મ.નં. ૧૫ , અનવરનગર , રાહી બેકરીની સામે સૈયદવાડી વટવા અમદાવાદ નાઓને તા.૦૯/૦૬/૨૦૧૮ ના કલાક ૦૦/૧૫ વાગે સી.આર .પી.સી કલમ ૪૧(૧) (આઈ) મુજબ અટક કરેલ. તથા ....

તા.૦૯/૦૬/૨૦૧૮ ના કલાક ૦૦/૩૦ વાગે સર્વેલંસ પો.સ.ઇ. એસ.પી.ગોહિલ તથા સર્વેલંસ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ હતા દરમ્યાન સૈયદવાડી અનવરનગર પાસે રોડ ઉપર આવતા સાથેના પો.કો. ઈમરાનખાન ઈમામખાન નાઓની બાતમી આધારે " દહેગામ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર. નં ૧૩૭/૧૭ ધી ઈ પી કો કલમ ૪૫૭ , ૩૮૦ , ૧૧૪ વિગેરે મુજબના ગુનાના કામે નાસ્તો ફરતો આરોપી યાસીન ઉર્ફે માયા ઉર્ફે શાહરુખ સ/ઓ આસીકઅલી સૈયદ રહે.મગદૂદુમનગર સૈયદવાડી વટવા અમદાવાદ શહેર નાઓને તા.૦૯/૦૬/૨૦૧૮ ના કલાક ૦૧/૧૫ વાગે સી.આર .પી.સી કલમ ૪૧(૧)(એ) મુજબ પકડી અટક કરી સદરી બન્ને આરોપીઓને દહેગામ પોલીસ સ્ટેશન સોંપવા તજવીઝ કરવામા આવેલ છે.તા-૦૯/૦૬/૨૦૧૮

## <u>વેજલપુર પોલીસ સ્ટેશન :-</u>



સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવુતી અટકાવવા સારુ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર એ.વી.પટેલ તથા સાથેના સ્ટાફના માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા અમદાવાદ શહેર વિસ્તારમા મિલ્કત સંબંધી ગુનાઓમા સંડોવાયેલ મોહમદ જુનેદ ઉર્ફે બીટ્ટુ મહેમુદમીયાં સૈયદ ઉ.વ.-૨૦ રહે:- બી/૫, શાહિન રો-હાઉસ, એચ.પી.પેટ્રોલપંપ પાછળ, સોનલ સીનેમા રોડ જુહાપુરા, અમદાવાદ નાઓના વિરુધ્ધમા મિલ્કત સંબંધી ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક:- પીસીબી/ડીટીએન/પાસા /૪૪૩/૨૦૧૮ તા.૦૮/૦૬/૨૦૧૮ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પાસા હુકમની બજવણી કરવા માટે નામદાર કોર્ટમાંથી મંજુરી મેળવી પો.સ.ઇ. શ્રી એ.ડી.દેસાઇ નાઓને સેન્ટ્રલ જેલ સાબરમતી ખાતે મોકલી આપતાં આજરોજ તા.૧૧/૦૬/૨૦૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી "જામનગર મધ્યસ્થ જેલ" ખાતે પાસા અટકાયતીને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૧૧/૦૬/૨૦૧૮

## <u>સુરક્ષા સેતુ રથ :</u>

"અમરાઇવાડી" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "અમરાઇવાડી" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.